# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **સ્વદેશી ચીજ વસ્તુઓને પ્રાત્સાહિત કરનારા ઉદ્યોગોને સરકાર તરફથી પ્રોત્સાહિત કરવામાં આવે તેવું રાજ્યના ઉદ્યોગગૃહોનું સૂચન.**
2. **કોઈ કામ પ્રત્યે ભય , લજ્જા કે પછી શંકાનો ભાવ દેખાતો હોય તેવું કાર્ય ન કરવાની રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને શીખ આપી ..**
3. **ડિજિટલ ઈન્ડિયા, જમીન વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન ઉપર ગાંધીનગર ખાતે ત્રણ અને ચાર ઓક્ટોબરે નેશનલ કોન્ફરન્સ.**
4. **નવસારીના અસરગ્રસ્ત વિસ્તારોમાં તંત્ર દ્વારા વીજપુરવઠો પૂર્વવત કરાયો,**
5. **રાજ્યમાં આગામી સાત દિવસ દરમ્યાન વરસાદની આગાહી**
6. **અમદાવાદમાં યોજાયેલ એશિયન એકવેટિક સ્પર્ધામાં ભારતે વધુ 1 રજત અને 3 કાંસ્ય ચંદ્રક જીત્યા.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM GST REFORMS VC

સ્વદેશી ચીજ વસ્તુઓને પ્રાત્સાહિત કરનારા ઉદ્યોગોને સરકાર તરફથી પ્રોત્સાહિત કરવામાં આવે તેવું સૂચન રાજ્યના ઉદ્યોગગૃહો દ્વારા મુખ્યમંત્રીને કરવામાં આવ્યું હતું..ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જી.એસ.ટી. રિફોર્મ્સ અને વોકલ ફોર લોકલ અંગે રાજ્યના ઉદ્યોગ-વેપાર સંગઠનો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી. જેમાં 225 જેટલા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને 3 હજાર 500થી વધુ વેપારીઓ-ઉદ્યોગકારો વિડીયો કોન્ફરન્સમાં સહભાગી થયા..

નાણામંત્રી ઉદ્યોગમંત્રી અને ગૃહ રાજ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ વિડિયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીએ સ્વદેશી અભિયાનને બળવત્તર બનાવવા ઉદ્યોગગૃહા સંગઠનોને અપીલ કરી હતી.

જી.એસ.ટી. સુધારાઓ વિકસિત ભારતના સંકલ્પને વેગ આપવા સાથે ભારતને વિશ્વનું ઉત્પાદન હબ બનાવવામાં ઉપયુક્ત થશે તેવો પણ મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

---

# GORVERNOR ADANI SCHOOL

વિદ્યાર્થીઓને ક્યારેય પણ કોઈ કામ પ્રત્યે ભય, લજ્જા કે પછી શંકાનો ભાવ દેખાતો હોય તો એ કામ ન કરવું જોઈએ તેવી શીખ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આપી છે.

અમદાવાદમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત અદાણી વિદ્યામંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા જણાવ્યું કે, જે

બાળકો નાની ઉંમરથી જ પરિશ્રમને પ્રાધાન્ય આપે છે એ જરૂરથી પોતાના જીવનકાળમાં સફળ થાય છે. એવા અનેક મહાપુરુષોના ઉદાહરણો છે, જેઓને આજે દેશ જ નહીં પણ સમગ્ર દુનિયા યાદ કરે છે.

## બાઇટ- રાજ્યપાલ

અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ.પ્રીતિ અદાણી, અદાણી ફાઉન્ડેશન તેમજ અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર વસંત ગઢવીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીકાળમાં શારીરીક સ્વાસ્થય મજબૂત રહે તે માટે યોગ, પ્રાણાયમ કરવા પર ભાર મુકી જંકફૂડથી દૂર રહી ઘરનું બનાવેલ સાત્વિક ભોજન લેવાનો આગ્રહ રાખવો જોઈએ તેમજ વ્યસનથી દૂર રહેવા પણ રાજ્યપાલે શીખામણ આપી હતી.

---

## DIGITAL INDIA NATIONAL WORKSHOP

આગામી 3 અને 4 ઓક્ટોબરના રોજ ડિજિટલ ઈન્ડિયા, જમીન વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન ઉપર બે દિવસીય નેશનલ કોન્ફરન્સ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાશે. આ કોન્ફરન્સમાં ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકોર્ડ મોર્ડર્નાઇઝેશન પ્રોગ્રામના લક્ષ્યો હાંસલ કરવા માટેના વિઝન, નોલેજ શેરિંગ અને કેપેસિટી બિલ્ડિંગ, બેસ્ટ પ્રેકટિસીસ, ઇનોવેશન કેસ સ્ટડી તથા પોલિસી સ્ટ્રકચર વગેરે મુદ્દાઓની ચર્ચા થશે.

ડૉ. જયંતી રવિએ આ અંગે મીડિયાને માહિતી આપતા જણાવ્યું કે, આ નેશનલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત દેશભરના વિવિધ રાજ્યો તથા

કેન્દ્રશાસિત પ્રદેશોના મહેસૂલી અને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ સહભાગી બનીને વિચાર વિમર્શ કરશે.

**ડૉ. જયંતી રવિ, અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ**

---

## AMDAVAD SHOPPING FESTIVAL

અમદાવાદમાં આગામી પાંચ ડિસેમ્બરથી 16 જાન્યુઆરી 2026 સુધી યોજાનારા શૉપિંગ ફૅસ્ટિવલમાં સ્વદેશી ઉત્પાદનોને વૈશ્વિક અપીલ સાથે પ્રોત્સાહિત એટલે કે પ્રમોટ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં શૉપિંગ ફેસ્ટિવલના આયોજન અંગે યોજાયેલી ઉચ્ચ સ્તરની બેઠકમાં આ નિર્ણય કરાયો.

મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષનો ફૅસ્ટિવલ બહોળા પ્રમાણમાં લોકોને આકર્ષે અને ત્યાં બધુ મળે છે તેવી છબી લોકોમાં બને તેવી વસ્તુઓના વેચાણ માટે બેઠકમાં માર્ગદર્શન આપ્યું. સમગ્ર આયોજનને આખરી ઓપ આપવા રચાયેલી માર્ગદર્શક સમિતિ ફૅસ્ટિવલના તમામ પાસાને સાંકળીને વિસ્તૃત આયોજન કરે તેવું સૂચન પણ શ્રી પટેલે આપ્યું

---

## NAVSARI NUKSHAN

નવસારી જિલ્લામાં તાજેતરમાં આવેલા મીની વાવાઝોડા સાથે પડેલા અતિભારે વરસાદ ને કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠાના માળખાંને ગંભીર નુકસાન થયું હતું. જોકે તંત્રની ત્વરિત કામગીરીને કારણે મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો પુર્વવત કરાયો છે.

તોફાની પવન તથા ભારે વરસાદના કારણે અનેક વીજ પોલ તથા ટ્રાન્સફોર્મર ધરાશાયી થયા હતા. વીજ તારો તૂટી પડ્યા હતા , વૃક્ષો વીજ લાઇન પર આવી પડતા વિતરણ નેટવર્કને નુકસાન થયું હતું.

ચીખલી તથા બિલીમોરા ગ્રામ્ય વિસ્તારો તેમજ વાંસદા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં થયેલા વ્યાપક નુકસાનને કારણે ત્યાં મોટા પાયે ગેંગો અને કર્મચારીઓ દ્વારા મરામત કામગીરી દિવસ-રાત હાથ ધરી વીજપુરવઠો કાર્યરત કરવામાં આવ્યો હતો.

વર્તમાન પરિસ્થિતિ મુજબ જિલ્લામાં 114 HT પોલ, 130 LT પોલ તથા 9 ટ્રાન્સફોર્મરને નુકસાન થવાથી 36 હજાર 754 ગ્રાહકો અસરગ્રસ્ત થયા હતા.

---

# STATE RAIN

રાજ્યભરમાં હજુ પણ આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે અમુક જિલ્લાઓમાં વરસાદ પડ્યો તો ક્યાંક ભારે પવનના કારણે વૃક્ષ ધરાશાયીની ઘટના સામે આવી.

રાજ્યભરમાં સવારથી રાતના દસ વાગ્યા સુધીમાં રાજ્યના 115 તાલુકામાં વરસાદ નોંધાયો છે જેમાં સૌથી વધુ જૂનાગઢના માંગરોળમાં 4 ઈંચ અને કેશોદમાં બે ઈંચ વરસાદ પડ્યો છે.

ભાવનગરમાં ભારે પવન સાથે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. શહેરમાં બપોર બાદ ભારે પવન ફૂંકાતા બે વૃક્ષો ધરાશાયી થયા હતા.

રાજકોટ જિલ્લામાં ભારે વરસાદના કારણે આજી-1 અને 2 , ફાડદંગ બેટી, વેરી, સુરવો, છાપરવાડી-૨ અને ભાદર-૨ ડેમો ઓવરફ્લો થયા છે જેને કારણે લોકોને

ડેમના નિચાણવાળા વિસ્તારોમાં અને નદીના પટમાં અવરજવર ન કરવા સુચના આપવામાં આવી છે.

આ સાથે જ અમદાવાદના અનેક વિસ્તારોમાં મોડી રાતથી લઈ સવાર સુધી હળવોથી મધ્યમ વરસાદ પડ્યો છે.

અમરેલી જિલ્લાના બગસરા, બાબરા અને અમરેલી તથા વડીયા પંથકમાં ત્રણ ઈંચ વરસાદથી અનેક વિસ્તારો પાણી ભરાયા છે. અમરેલી પંથકમાં ત્રણ ઈંચ કરતા વધુ વરસાદ પડતા ઠેબી ડેમમાં નવા પાણીની આવક થતાં ડેમના દરવાજા ખોલવાની તંત્રને ફરજ પડી હતી. આ સાથે જ અમરેલીના દલખાણીયા ગામમાં ગત મોડી રાત્રે મીની વાવાઝોડા સાથે ભારે વરસાદ પડ્યો હતો. જેને કારણે ગામમાં વ્યાપક તારાજી સર્જાઈ. વાવાઝોડાના કારણે અનેક મકાનોને ભારે નુકસાન થયું અને વીજપોલ ધરાશાયી થતાં ગામમાં અંધારપટ છવાય ગયો હતો.. ખેતીવાડીમાં પણ ભારે નુકસાન થયું છે.

---

## WEATHER

હવામાન વિભાગે આગામી 7 દિવસ રાજ્યમાં વરસાદ વરસવાનીની શકયતા દર્શાવી છે. જેમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી 4 દિવસ ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ.કે. દાસના જણાવ્યા અનુસાર, હાલમાં ખંભાતના અખાત પાસે વેલમાર્ક લો પ્રેશર સક્રિય થયું છે. અને રાજ્યના સમગ્ર દરિયાકાંઠે LCS-3 લગાવવામાં આવ્યું છે. આગામી 5 દિવસ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

**બાઇટ- ડો. એ. કે. દાસ, હવામાન વિભાગ**

---

# ASIAN AQUATIC

એશિયન એકવેટિક સ્પર્ધામાં ભારતે વધુ 1 રજત અને 3 કાંસ્ય ચંદ્રક જીત્યા.

અમદાવાદમાં ચાલી રહેલા 11મી એકવાટીક ચેમ્પીયનશિપના બીજા દિવસે ભારતે વધુ 1 રજત અને 3 કાંસ્ય ચંદ્રકની જીત સાથે મેડલ ટેબલમાં નવમા ક્રમે રહ્યું.

શ્રી નટરાજનો વ્યક્તિગત પુરુષોની 200 મીટર ફ્રીસ્ટાઇલ અને 50 મીટર બેકસ્ટ્રોકમાં સિલ્વર મેડલ જીત્યો હતો. નટરાજ માટે આ ચોથો મેડલ હતો - અને ટીમ ઇવેન્ટમાં બીજો હતો.

જયારે અનિષ ગોવડા,સાજન પ્રકાશ,સોએન ગાંગુલી,શ્રી હરીનટરાજનની ટીમે રજત ચંદ્રક જયારે વ્યતિકતીગત ઇંદિવર અને વિલ્સને ડાઇવિંગમાં રજત ચંદ્રક મેળવ્યો. રિષભ દાસે 200 મીટર બેક સ્ટ્રોકમાં રજત ચંદ્રક ,કુશાગ્ર રાવતે 1500 મીટર ફ્રી સ્ટાઇલમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

સ્વિમિંગ ઇવેન્ટ્સમાં, 12 ભારતીયો પોતપોતાની રેસની ફાઇનલમાં પહોંચ્યા , અને બે રિલે ટીમોએ પણ ક્વોલિફાય કર્યું.

---

# NAVRATRI 8TH DAY

હવે સાંભળીએ નવરાત્રિના સમાચાર..

(MUSIC)

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ નવરાત્રિના આઠમા દિવસે એટલે કે દુર્ગાષ્ટમીના દિવસે આજે માં મહાગૌરીની પૂજા કરાય છે . મહાગૌરીને આજના

દિવસે નારીયેળ અને તેમાંથી બનેલી મીઠાઈઓ , પુરી, હલવો અને કાળા ચણાનો ભોગ ધરાવાય છે. આ દિવસે કન્યા પૂજા કરવાનું પણ મહત્વ છે.

નવરાત્રિ નિમિત્તે ભક્તો ગરબે ઘૂમીને માતાજીની આરાધનામાં મગ્ન બન્યાં છે. દરમિયાન બનાસકાંઠા જિલ્લાના યાત્રાધામ અંબાજીમાં લાખો ભાવિકો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

સાંભળીએ એક અહેવાલ...

**(વોઈસ કાસ્ટ :સવજી ચૌધરી)**

આ સાથે જ રાજ્યભરમાં વરસાદી માહોલ વચ્ચે ગરબા યોજાયા હતા. મહાનગરોમાં નવરાત્રીના આયોજકોએ ડોમ બનાવીને નવરાત્રીનું આયોજન કર્યું હતું. ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુ વાઘાણીએ શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરે જઈ દર્શન કરી માતાજીના આશિર્વાદ મેળવ્યા હતાં. અને લોક સુખાકારી માટે માતાજીને પ્રાર્થના કરી હતી.

**(MUSIC)**

---